## 'ફરીવાર દિલસે' મહેસાણા ડેપ્યુટી સી.એમ ફિરસે...

ગુજરાત વિધાનસભામાં ફરીવાર ભાજપ એ પોતાની સત્તા સભાળી છે ત્યારે એજ ટીમ થીયરીપર કામ ન કરનારા ભાજપ એ આ વખતે રીપીટ ફોર્મ્યુલા અપનાવ્યો છે ભાજપ એ સત્તા તાજેતર ની ચુંટણી માં મેળવી છે.... ત્યારે ભાજપ એ સિ.એમ અને ડેપ્યુટી સિ.એમ પદ માં ફરીવાર જાહેરાત કરતા નીતિન પટેલ ના હોમ ટાઉન મહેસાણા માં આજે જશન મનાવા માં આવ્યો હતો ફટાકડા સહિત મો મીઠું કરવા માં આવ્યું હતું. તાજેતર માં ભાજપ એ જીત મેળવી છે ખુબ ઓછી સીટ મળી છે જેથી જે નેતા એ જીત હાસલ કરી છે તેવા દિગ્જ નેતાઓ માં સી.એમ તરીકે અનેક નામોની અટકળો વચ્ચે વિજય રૂપાણીને ફરી રિપીટ કરવામાં આવ્યા છે... જ્યારે ડેપ્યુટી સિ.એમ નીતિન પટેલ નું નામ જાહેર કરવા માં આવતા નીતિન પટેલ ની જાહેરાત કરવા માં આવતા હાલ માં મહેસાણા માં જશન મનાવા માં આવ્યો હતો ભાજપ ના કાર્યકરો એ મહેસાણા ના કમલમ ખાતે મોટી સંખ્યા માં હાજરી આપી ને ફટાકડા સહિત મો મીઠું કરી ને ભવ્ય આતશબાજી કરી હતી અને દિવાળી જેવો માહોલ રચવા કાર્યકરો તત્પર હોવાનું જણાવ્યું હતું.



# અમદાવાદમાં સૌપ્રથમ સંસ્કૃત મહાસંમેલન અને શોભાયાત્રા

અમદાવાદ, તા.૨૨

વિશ્વમાં વિજ્ઞાનક્ષેત્રે સંસ્કૃત ભાષા અને વૈદિક ગણિત વિષયોના પ્રચાર પ્રસાર અને સંશોધન થઈ રહ્યા છે ત્યારે સામાન્ય માણસમાં સંસ્કૃત ભાષામાં રૂચિ કેળવાય અને સંસ્કૃત ભાષા રોજબરોજના જીવનમાં બોલાતા,લખતા અને વાંચતા શીખી જીવનક્રમમાં વણી લે તેવા ઉમદા આશય સાથે સંસ્કૃત ભારતી સંસ્થાના ઉપક્રમે ૧૩ જેટલી સંસ્કૃત પ્રેમી સંસ્થાઓના સહકારથી તા.૨૪મી ડિસેમ્બરના રોજ અમદાવાદ શહેરમાં સૌપ્રથમવાર સંસ્કૃત મહાસંમેલન અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસંમેલનમાં સ્વામી પરમાનંદ સરસ્વતી, સંસ્કૃત ભારતીના રાષ્ટ્રીય મહામંત્રી શ્રીશ: દેવપૂજારી, કેન્દ્રીય મનસુખ માંડવીયા મહાસંમેલનના સંયોજન અરૂણભાઈ ડી.ઓઝા સહિતના મહાનુભાવો હાજર રહેશે. સંસ્કૃત મહાસંમેલનના ભાગરૂપે તા.૨૪મી ડિસેમ્બરે બપોરે ૨-૦૦ વાગ્યે પાલડી ચાર રસ્તાથી સંસ્કૃતમય શોભાયાત્રા નીકળશે, જે એચ.કે.આર્ટસ કોલેજ પહોંચશે. જ્યાં યોજનાર સંસ્કૃત મહાસંમેલનમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પોતાની કૃતિઓ, નૃત્ય, નાટક, ગરબા ઉપરાંત સંસ્કૃતમાં સમાવિષ્ઠ વિજ્ઞાન પ્રદર્શન, શાસ્ત્ર પ્રદર્શન અને તેના પુસ્તક પ્રદર્શન રજૂ કરવામાં આવશે. આ મહાસંમેલનમાં સંસ્કૃત વીકિપિડિયા, સદ્‌ઘટન પ્રદર્શન પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ અંગે મહાસંમેલનના આયોજક અરૂણભાઈ ડી.ઓઝાએ જણાવ્યું હતું કે, આજે સામાન્ય માણસોમાં અન્ય ભાષાઓની સરખામણીએ સંસ્કૃત ભાષાનો પ્રયોગ અને ઉપયોગ ઓછો થતો જાય છે ત્યારે સંસ્કૃત ભાષાનો પ્રયોગ અને ઉપયોગ રોજબરોજના જીવનમાં લોકો કરતા થાય અને સંસ્કૃત ભાષા પરત્વે લોકોમાં રૂચિ અને રસ કેળવાય તેવા ઉમદા આશય સાથે આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. નોંધનીય વાત એ છે કે, અંગ્રેજી, હિન્દી સહિતની અન્ય ભાષાઓની સરખામણીએ સંસ્કૃત ભાષા શીખવી સરળ અને સહજ છે. ખૂબ ટૂંકા સમયમાં તે બોલતા અને લખતા વાંચતા શીખી શકાય છે. તેથી સામાન્ય જનતાએ પણ આ બાબતની નોંધ લઈ સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃત બની તેને રોજિંદા જીવનમાં અપનાવવી જોઈએ. સંસ્કૃત ભાષા આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની અમૂલ્ય ધરોહર છે, તેની કિંમત સૌકોઈએ સમજવી જ પડશે.

## માત્ર દોઢ વર્ષમાં ગુજરાતમાં રૂપાણીનું ગતિશીલ કાર્ય રહ્યું

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીને જારી રાખવાનો આખરે નિર્ણય કરવામાં આવ્યો હતો. વિજય રૂપાણીને રિપિટ કરવા પાછળ પણ કેટલાક કારણો રહેલા છે. તેમના દોઢ વર્ષના ટૂંકાગાળામાં રૂપાણીએ ગતિશીલ કામગીરી કરીને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઉપરાંત પોતાની પ્રતિષ્ઠા બિલકુલ સ્વચ્છ રાખવામાં પણ રૂપાણી સફળ રહ્યા હતા. કટોકટીના સંજોગોમાં પણ રૂપાણીએ પોતાનું સ્થાન સ્પષ્ટ જાળવી રાખ્યું હતું. સાથે સાથે સંગઠનની કામગીરી પણ ઉલ્લેખનીયરીતે અદા કરી હતી. આ સિવાય રાજકોટની બેઠક પરથી ૫૩૦૦૦થી પણ વધુ મતે જીત મેળવી હતી. વજુભાઈ વાળા અને નરેન્દ્ર મોદી આ બેઠક પરથી ચૂંટણી લડી ચુક્યા છે પરંતુ રૂપાણીએ સૌથી મોટી જીત મેળવી છે. ગુજરાતમાં પુર સ્થિતિ દરમિયાન પણ બચાવ અને રાહત કામગીરીમાં સતત પોતે સક્રિય રહ્યા હતા. તમામ બાબતોને ધ્યાનમાં લઈને તેમની પસંદગી કરાઈ છે.



## લો..કરો વાત... રિકાઉન્ટીંગની માગણી થતા જ ઈવીએમ ભરેલો ટ્રક પલટી ગયો..!!

ભરુચ,તા.૨૨

ઈવીએમ મશીન ભરેલો ટ્રક પલટી જવાના પલટી જતા સર્જાયેલી દૂર્ઘટનાના મામલે પાટીદાર નેતા હાર્દિક પટેલે સવાલ ઉઠાવ્યો છે કે, હવે આ કાંડને શું નામ આપવું ? તેમણે ટ્વીટર ઉપર તર્ક રજુ કરતા જણાવ્યું છે કે, જેવી રિકાઉન્ટીંગની માગણી કરવામાં આવી કે તરત જ આ દૂર્ઘટના સર્જાઈ છે ! ડ્રાઈવરને કંઈ નથી થયું પરંતુ બધા ઈવીએમ તૂટી ગયા છે. આવા વિધાનો સાથે તેણે સુચક સવાલ ઉઠાવ્યો છે. ભરૂચ નજીક ગઈકાલે ઈવીએમ મશીન ભરીને આવતો એક ટ્રક પલટી ગયો છે. તેમાં ૧૦૦ ઈવીએમ ભરેલા હતાં. આ ઘટના પછી પાટીદાર નેતા હાર્દિક પટેલે ટ્વીટર ઉપર ઈવીએમ ની વિશ્વનીયતા સામે વધુ એક વખત સવાલ ઉઠાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શરૂઆતથી જ હાર્દિક પટેલ ઈવીએમ ને લઈને છાશવારે સવાલો ઉઠાવી રહ્યો છે. તેમજ કોંગ્રેસના આગેવાનો દ્વારા પણ વારંવાર આક્ષેપો કરવામાં આવ્યા છે. ઉપરાંત ઈવીએમ વાઈફાઈથી કનેક્ટ થતા હોવાની ટેકનીકલ ખામી પણ બહાર આવી હતી.

હાર્દિકે પોતાના સવાલની સાથે ટ્રકમાં પડી ગયેલા અને તૂટી ગયેલા ઈવીએમ નો ફોટો પણ મૂક્યો છે. ભૂતકાળમાં તેણે ટ્વીટર ઉપર ઈવીએમ ને લઈને અનેક આક્ષેપો કર્યા છે. સુરત અને મહેસાણામાં સ્ટ્રોંગરૂમની પાસે નમો વાઈફાઈ પકડાતું હોવાની ફરિયાદો ઉઠી હતી. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં ૪૪ થી વધારે ફરિયાદો નોંધાઈ છે.




ડૉનાલ્ડ ટ્રમ્પની નીતિનો અમદાવાદમાં વિરોધ : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈઝરાયેલને લઈને અપનાવવામાં આવેલી નીતિના વિરોધમાં અમદાવાદમાં મુસ્લિમ સમાજ દ્વારા રેલી યોજી દેખાવો કર્યા હતા.

## લુણાવાડાના અપક્ષનું સમર્થન મળતાં આખરે ભાજપની સંખ્યાબળની સદી

ગાંધીનગર,તા.૨૨

પાતળી બહુમતીથી છઠ્ઠી વખત સત્તા સંભાળવા જઈ રહેલા ભાજપમાં વધુ એક અપક્ષનું સંખ્યાબળ ઉમેરાતાં હવે ૯૯ બેઠક મેળવનાર ભાજપે સંખ્યાબળની રીતે સદી કરી લીધી છે. લુણાવાડાની બેઠકના વિજેતા રતનસિંહ રાઠોડે ભાજપને ટેકો જાહેર કરતાં હવે ભાજપના સભ્યોની સંખ્યા શતકની થઈ છે. હજુ પણ શતકના આંકને ૧૦૧માં ફેરવવા માટે પક્ષ વ્યૂહરચના ઘડી રહ્યો છે. રાજકીય આંટીઘૂંટીમાં માહેર ગણાતા ભાજપે વધુ એક અપક્ષને મનાવી લેવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

વિધાનસભા ચૂંટણીમાં કુલ ૩ અપક્ષ ઉમેદવાર ચૂંટાયા છે તેમાંના બે ઉમેદવારને મનાવી લેવાના પ્રયાસો ભાજપે શરૂ કર્યા હતા, જેમાં લુણાવાડાના રતનસિંહ રાઠોડને મનાવી લેવામાં પક્ષ સફળ થયો છે. રતનસિંહ મહીસાગર જિલ્લાની બેઠક લુણાવાડાથી જીત્યા છે. પંચમહાલ જિલ્લાની આદિવાસી બેઠક મોરવાહડફ પરથી ચૂંટાયેલા ભૂપેન્દ્રસિંહ ખાંટને ભાજપમાં જોડાઈ જવા મનાવી લેવાનાં ચક્રો ગતિમાન થયાં છે. ચૂંટાયેલા ત્રણેય અપક્ષને કોંગ્રેસે સમર્થન આપ્યું હતું, તેના કારણે કોંગ્રેસે ત્રણેય બેઠક પર પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા નહોતા.

હવે ચૂંટણી પરિણામો પછી ત્રણમાંથી બેને ભાજપમાં સમાવવા વ્યૂહરચના ગોઠવાઈ હતી. ભાજપે કેટલાક વગદાર નેતાઓ અને વિશ્વાસુ દ્વારા આ કામ પાર પાડી દીધું છે. જ્ઞાતિ-સમાજના કેટલાક અગ્રણીઓને વિશ્વાસમાં લીધા પછી લુણાવાડાના રતનસિંહ રાઠોડે ભાજપને લેખિત પત્ર દ્વારા ટેકો જાહેર કર્યો છે. રતનસિંહ રાઠોડે ૩૨૦૦ મતથી ભાજપના ઉમેદવારને હરાવીને જીત મેળવી હતી. મોરવાહડફના ભૂપેન્દ્રસિંહ ખાંટ ૪૩૬૬ મતથી ભાજપના ઉમેદવાર સામે વિજયી થયા હતા. સરકારની વિધિવત્ રચના પહેલાં ભાજપે તેના ધારાસભ્યોની સંખ્યા ૧૦૦ કરી દીધી છે. હવે જો ભૂપેન્દ્રસિંહ પણ માની જશે તો ૧૦૧ના શુકનવંતા આંક સાથે ભાજપની નવી નેતાગીરી દ્વારા સરકાર બનશે.

# રાજ્યમાં ગામડાના વિકાસ માટે બંને સરકારોએ ભારે જહેમત ઉઠાવવી પડશે

ગાંધીનગર, તા.૨૨

થોડા દિવસો પહેલા ગુજરાતની ચૂંટણીના પરિણામો આવ્યા એ સત્તારૂઢ ભાજપ માટે લાલબત્તી સમાન એટલા માટે છે કે તેની વિરૂધ્ધ ગ્રામીણ વિસ્તારોમાં જોરદાર નારાજગી સામે આવી છે. ગ્રામીણ વિસ્તારની ૧૦૯ બેઠકોમાંથી તેને માત્ર ૪૩માં વિજય મળ્યો છે જયારે શહેરી વિસ્તારો પર તેની જીતનો સ્ટ્રાઈક રેટ ૭૫ ટકાને પાર કરી ગયો છે જેને કારણે તે કોઈપણ રીતે ૯૯નો આંકડો સ્પર્શ કરી શકી છે. સામાન્ય બહુમત ૯૨થી માત્ર ૭ બેઠકો વધુ મેળવનાર ભાજપ માટે બે શહેરો અમદાવાદ અને સુરત તે લગભગ એક તરફા પરિણામ ન આપ્યા હોત તો સ્થિતિ કંઈક અલગ જ હોત. અમદાવાદની ૨૧ બેઠકોમાંથી ભાજપને ૧૫ તો સુરતની ૧૬માંથી ભાજપને ૧૫ બેઠકો મળી છે.

આ માત્ર ગુજરાતની જ વાત નથી. ગયા મહિને જ યુપીમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાય હતી અને તેમાંપણ આવી જ તસ્વીર જોવા મળી હતી જે મહાનગરો હતા તેમાં ભાજપનો એક તરફી વિજય રહ્યો. ૧૬ મહાનગરોમાંથી ૧૪ મહાનગરોમાં ભાજપના મેયર જીતી ગયા પરંતુ નગરપાલિકા પરિષદ અને નગર પંચાયતમાં ભાજપ ૮ મહિના પહેલા વિધાનસભાની ચૂંટણીમાં મળેલી સફળતાને દોહરાવી શકી નથી. તેની મતોની ટકાવારી અચાનક ઘટી ગઈ. ૧૯૮ નગરપાલિકા પરિષદોમાંથી ભાજપને માત્ર ૭૦ અને ૪૩૮ નગર પંચાયતોમાંથી ૧૦૦ ઉપર સફળતા મળી હતી. ભાજપ બચાવમાં સ્પષ્ટતા કરે છે કે તેની આ સફળતા ૨૦૧૨ના મુકાબલે ઘણી વધારે છે પરંતુ સવાલ એ છે કે ૨૦૧૨માં વિધાનસભામાં માત્ર ૪૭ ધારાસભ્યો જીત્યા હતા.

૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૩૨૫ બેઠકો મેળવી નવો ઈતિહાસ રચ્યો હતો. આ હિસાબથી નગરપાલિકા પરિષદો અને નગર પંચાયતો ઉપર તેનો દેખાવ અનેકગણો સારો થવાની આશા હતી. આ સપ્તાહે રાજસ્થાનની પંચાયતની ૩૧ બેઠકોની પેટા ચૂંટણી થઈ અને ભાજપને ત્યાં સહન કરવુ પડયુ છે અને ભાજપ માત્ર ૧૧ બેઠકો જ મળી, જયારે કોંગ્રેસને ૨૦ બેઠકો મળી હતી. આ જ દ્રશ્ય છે જેનાથી ભાજપ પરેશાન છે.

હવે ભાજપે ગામડાઓ તરફ ધ્યાન દેવાની જરૂર છે. ભાજપે બજેટમાં ગ્રામીણ અર્થતંત્ર માટે કંઈક કરવુ પડશે. ભાજપ શાસિત રાજયોની સરકારોના એજન્ડામાં હવે ગામડાઓ ઉપરના ક્રમે આવ્યા છે. ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારોમાં પાટીદારો ભાજપને નડી ગયા. અમીર પાટીદારો ભાજપ સાથે રહ્યા જયારે ગ્રામીણ પૃષ્ઠ ભુમીવાળા નાના અને મધ્યમવર્ગના ખેડુતો કોંગ્રેસ સાથે રહ્યા હતા. ગુજરાત જ નહી અન્ય રાજયોમાં પણ આવી સ્થિતિ છે. શેરબજારમાં સેન્સેકસ ઉપર જાય છે પરંતુ આનાથી ઉલ્ટુ ગ્રામીણ ભારતની અર્થવ્યવસ્થાનો ગ્રાફ નીચે જઈ રહ્યો છે. શેરબજારમાં માત્ર ૪ કરોડ લોકો જ ટ્રેડીંગ કરે છે. જયારે ગ્રામીણ ભારતમાં દેશની કુલ વસ્તીના ૭૦ ટકા લોકો રહે છે. એવામાં શેરબજારને દેશની ઈકોનોમીનો અરીસો કહી ન શકાય. દેશની ઈકોનોમીની સાચી તસ્વીર ગ્રામીણ ભારત છે જયાં ૬૦ થી ૬૫ ટકા વસ્તી ખેતી ઉપર નિર્ભર છે. મોદી સરકારે વચન આપ્યુ છે કે ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરી દેવાશે. નીતિ આયોગના રિપોર્ટમાં પણ જણાવાયુ છે કે, લોકોની હાલતમાં સુધારો થયો નથી. કૃષિ સેકટરનો ગ્રોથરેટ ઘટી રહ્યો છે. શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રતિ વ્યકિત આવકમાં પહેલા જ ઘણુ અંતર હતુ તે હવે વધી ગયુ છે.

અર્થશાસ્ત્રી ડો.સારથી આચાર્યના કહેવા મુજબ એફડીઆઈ વધવા, બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં આવવા, વિદેશી મુદ્રાનો ફલો વધવાથી જીડીપીના આંકડા સારા થશે પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થા પર કોઈ અસર નહી પડે. જયારે કૃષિ સેકટરનો ગ્રોથ વધશે તો ગ્રામીણ અર્થતંત્ર દોડશે.

૨૦૧૯ની ચૂંટણી પહેલા ૨૦૧૮માં આઠ રાજયોમાં ચૂંટણી થવાની છે પહેલા કર્ણાટક, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડમાં ચૂંટણી થવાની છે તે પછી ઓકટોબર-નવેમ્બરમાં મ.પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ જેવા રાજયોમાં ચૂંટણી યોજાશે. જયાં ભાજપની સરકાર છે. આ રાજયોમાં શહેરી બેઠકો એટલી નથી જેટલી ગુજરાતમાં છે. મ.પ્રદેશ અને રાજસ્થાનમાં ખેડુતોમાં ભારે નારાજગી છે.

## જિજ્ઞેશ મેવાણીના ગબ્બરસિંગના ડાયલોગ વાળી ટ્વિટથી સર્જાયો વિવાદ

ગુજરાતના રાજકારણમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીએ રાજકીય ભૂકંપ સર્જી નાખ્યો છે. જિજ્ઞેશ મેવાણી હાલ ભાજપ અને પીએમ મોદી પર આકરા પ્રહારો કરી રહ્યાં છે. તાજેતરમાં જ તેમણે પીએમ મોદી પર પર્સનલ એટેક કર્યો હતો. જો કે તે નિવેદનની ખુબ આલોચના પણ થઈ. હવે જિજ્ઞેશે ફરીથી આવી જ એક ટ્વિટ કરીને ચર્ચા ઊભી કરી છે. આ વખતે જિજ્ઞેશે ફિલ્મી સ્ટાઈલ અપનાવીને શોલે ફિલ્મની સ્ટાઈલથી ટ્વિટ કરી છે. જેમાં ખુબ લોકપ્રિય ગબ્બર ડાઈલોગનો ઉપયોગ કર્યો છે.જિજ્ઞેશે ટ્વિટ કરીને લખ્યું છે કે કિતને આદમી થે? સરદાર તીન- જિજ્ઞેશ, હાર્દિક, અલ્પેશ, વો તીન થે ઓર તુમ ૩ મુખ્યમંત્રી, એક રાષ્ટ્રીય અધ્યક્ષ, ૧૭ સાંસદ ઓર ૨૫ મંત્રી. ફિર ભી હમ ૨ ડિજિટમેં આ ગયે. એક ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં જિજ્ઞેશ મેવાણીએ પીએમ મોદી પર વ્યક્તિગત પ્રહારો કર્યા હતાં. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ૧૦૦થી ઓછી બેઠકો આવવા પર જિજ્ઞેશે પીએમ મોદીને રાજકારણમાંથી સન્યાસ લઈ લેવાની સલાહ આપી દીધી હતી. જિજ્ઞેશે પીએમ મોદીના ૫૬ ઈંચની છાતીવાળા નિવેદન ઉપર પણ ટિપ્પણી કરી. જિજ્ઞેશ મેવાણીએ કહ્યું કે હજુ તે પોતાના નિવેદન પર અટલ છે.



### ફાળવણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ પૈકી હાલ ૬૪ જેટલા મકાનો ખાલી કરીને નવા ધારાસભ્યોને સોપવાના રહેશે. આ માટે તંત્ર દ્વારા જરૂરી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ડી કક્ષાના એમ એલ એ કવાર્ટસમાં ગત ચુંટણીના અંતે ધારાસભ્યાને મકાનોની ફાળવણી કરાયા બાદ ૩૬ જેટલા મકાનો ખાલી રહયા હતા. જો કે મહદઅંશે ૧૫ જેટલા આવાસો બારેમાસ ખાલી જ રહેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડી કક્ષાના આ આવાસોમાં કોઈપણ પ્રકારના રીપેરીંગની કોઈ અનિવાર્યતા ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે હાલ નવા ૬૪ ધારાસભ્યોને આવાસની ફાળવણી માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સે-૨૧ સ્થિત આ ધારાસભ્યોના કુલ ૧૬૮ પૈકી દર ચુંટણીના અંતે ૧૪૫ થી ૧૫૦ જેટલા જ મકાનોની ફાળવણી થાય છે. જયારે ૧૫ જેટલા મકાનો ખાલી રહેતા હોય છે. આગામી દિવસોમાં નવા ચુંટાયેલા ધારાસભ્યાને આવાસની ઝડપથી ફાળવણી કરી દેવાશે.

### ચવ્વાણને રાહત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આને કમનસીબ તરીકે ગણાવ્યો છે. અશોક ચવ્વાણે કહ્યું છે કે, કોર્ટનો વિસ્તૃત આદેશ વાંચી લીધા બાદ જ તેઓ આ મામલામાં કોઈ વધુ ટિપ્પણી કરશે. અત્રે નોંધનીય છે કે, આ મંજુરી મહારાષ્ટ્રના રાજયપાલે સીબીઆઈને વર્ષ ૨૦૧૬માં આપી હતી. ચવ્વાણના વકીલે કોર્ટમાં કહ્યું હતુંકે, ફેબ્રુઆરી ૨૦૧૬માં રાજ્યપાલ સી વિદ્યાસાગર રાવે પુરાવાના આધાર પર નહીં બલ્કે રાજકીય માહોલના કારણે આને મંજુરી આપી હતી. અશોક ચવ્વાણ પર આદર્શ સોસાયટીમાં પોતાના સંબંધીઓને બે ફ્લેટ આપવાના બદલામાં વધારાની ફ્લોર સ્પેશ ઈન્ડેક્સ આપવાનો આક્ષેપ મુકાયો હતો. તેમના ઉપર આક્ષેપ થયો હતો કે, જ્યારે તેઓ મહેસુલી મંત્રી હતા ત્યારે ગેરકાયદેરીતે સેના સાથે નહીં જોડાયેલા લોકોને પણ ૪૦ ટકાથી વધારે ફ્લેટની મંજુરી આપી હતી. સીબીઆઈની એફઆઈઆરમાં તેમના નામનો ઉલ્લેખ કરાયો હતો.

### મુશ્કેલી વધી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાડવામાં આવ્યા છે. ઈડીના કહેવા મુજબ અશોક કુમાર સ્કાયલાઈફ હોસ્પિટીલીટીના મહેશ નાગરના નજીકના સાથી છે. બંનેને પીએમએલએ હેઠળ પકડી પાડવામાં આવ્યા છે. સ્કાયલાઈટ તરીકે રોબર્ટ વાઢેરા જોડાયેલા રહેલા છે. ઈડીએ આ મામલામાં એપ્રિલ મહિનામાં કુમાર અને નાગરના ઘરે દરોડા પાડ્યા હતા. કંપની તરફથી બીકાનેરમાં જે જમીન ખરીદનાર ચાર મામલા છે જેમાં નાગર જ સત્તાવાર પ્રતિનિધિ તરીકે છે. એમ માનવામાં આવે છે કે, કુમાર પણ અન્ય લોકોની પાસે પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરીને જમીનની ખરીદી કરી હતી. આ મામલામાં સરકારી અધિકારઓ અને કેટલાક વધુ સંબંધિત લોકોની ૧.૧૮ કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી છે. ૨૦૧૫માં એક અપરાધિક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. રોબર્ટ વાઢેરાએ સંબંધિત કંપનીને નોટિસ પણ જારી કરવામાં આવી હતી. આ મામલામાં કરાયેલી એફઆઈઆરમાં ઈડીએ રાજસ્થાન સરકારના કેટલાક અધિકારીઓ અને ભૂમાફિયાઓના નામનો ઉલ્લેખ કર્યો હતો.

### બસ સ્ટેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષી ગ્રાન્ટમાંથી ૩૦ જેટલા બસ સ્ટેન્ડ બનાવવાનુ આયોજન કરાયુ છે. જેમાં અત્યાર સુધી ઘણા ઠેકાણે નવા બસ સ્ટોપનુ સ્ટ્રકચર ઉભુ કરી દેવાયુ છે. જયારે બાકી રહેતા બસ સ્ટોપનુ કામ પણ ટુંકમાં પુર્ણ કરી દેવાશે. શહેરમાં દાયકાઓ જુના બસ સ્ટોપ કંગાળ હાલતમાં જોવા મળી રહયા હતા. જયારે બસ સ્ટોપ પર ઉભા રેહવાનુ પણ ઘણીવાર મુસાફરો માટે શિરદર્દ સમાન બનતુ હતુ. જયારે નવા બસ સ્ટોપની પેટર્ન મુજબ મુસાફરોને વધુ સરળતા રહે તેનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. ચુંટણીના અંતે હવ બાકી રહેતા બસ સ્ટોપની કામગીરી પણ પુર્ણ કરી દેવાશે. નવા સેકટરામાં પણ ગ માર્ગ પર સે-૩:૪ ની ચોકડી તેમજ સંગીત સર્કલ નજીક બસ સ્ટેન્ડ બનાવાશે.

### બાકી કામો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી પ્રગતિ હેઠળ છે. તમામ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. હાલ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરીને વેગ અપાયો છે. શહેરમાં પાંચ વર્ષના અંતે માર્ગોની દશા સુધારવા તંત્ર કામે લાગ્યુ છે. ત્યારે સેકટરોમાં તમામ રીંગ રોડનુ પેવર કામ હાથ ધરવામાં આવશે. સે-૧ થી ૫ માં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોનુ તમામ કામ પુર્ણ કરાશે. જયારે અન્ય સેકટરોમાં પણ રીંગ રોડનુ કામ કરવામાં આવશે માર્ગ સુધારણા અન્વયે હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયાના અંતે ટેન્ડર નીચુ આવતા માર્ગ મકાન વિભાગ દ્વારા ટેન્ડરની બચત રકમમાંથી વધારાના રસ્તાના કામો હાથ ધરવાનો પણ નિર્ણય લેવયો છે. જેમાં કેટલાક સેકટરોમાં બાકી રહેતા આંતરિક માર્ગોનો પણ સમાવેશ કરવાનુ અયોજન કરાયુ છે. જેથી આગામી દિવસોમાં બાકી રહેતા સેકટરોના આંતરિક માર્ગો ચકાચક બની જશે.

### પુનરાવર્તન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલી અને પાંડેની નિમણૂંક પાર્ટીની કેન્દ્રીય નેતાગીરી દ્વારા નિરીક્ષક તરીકે કરવામાં આવી હતી. ગુરુવારના દિવસે રાજ્યપાલ ઓપી કોહલીને રૂપાણી, નીતિન પટેલ અને અન્યોએ તેમના રાજીનામા સોંપી દીધા હતા. હાલમાં જ યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ રાજ્ય વિધાનસભાને વિખેરી નાંખવામાં આવી હતી. રાજ્યપાલ દ્વારા જાહેરનામુ પણ જારી કરવામાં આવ્યું હતું. આની સાથે જ નવી કેબિનેટની રચનાનો માર્ગ મોકળો થયો હતો. જો કે રૂપાણી નવી સરકારની રચના સુધી રખેવાળ મુખ્યમંત્રી તરીકે રહેશે.

હાલમાં જ યોજાયેલી હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ખુબ જ ગળાકાપ સ્પર્ધા રહ્યા બાદ ભાજપે ૧૮૨ બેઠકોની વિધાનસભામાં ૯૯ સીટ જીતીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. કોંગ્રેસને ૭૭ બેઠક મળી હતી. ત્રણ અપક્ષ સહિત ૬ સીટો અન્યોને ફાળે ગઈ હતી. મુખ્યમંત્રી તરીકે રૂપાણી પહેલાથી જ પ્રબળ દાવેદાર તરીકે હતા. આ ગાળા દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવિયાના નામ પણ સપાટી ઉપર આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ૨૫મી ડિસેમ્બરના દિવસે નવી સરકાર સત્તા સંભાળે તેવી શક્યતા છે. ૨૫મી ડિસેમ્બર દિવસે પૂર્વ વડાપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ છે. શપથવિધિ કાર્યક્રમમાં ભાજપ શાસિત રાજ્યોના અનેક મુખ્યમંત્રીઓ, કેન્દ્રીયમંત્રીઓ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ હાજરી આપે તેવી શક્યતા દેખાઈ રહી છે.

### આવક મર્યાદા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જાણકાર અર્થશાસ્ત્રીઓએ કહ્યુ છે કે અંતિમ નિર્ણય પએમઓ સાથે બેઠક યોજ્યા બાદ કરવામાં આવનાર છે. તમામ કરદાતાઓને હાલમાં ૨.૫૦ લાખ સુધી ઈન્કમ ટેકસમાં રાહત મળે છે. સિનિયર સિટીઝન માટે ત્રણ લાખ રૂપિયા અને સુપર સિનિયર માટે ઈન્કમ ટેક્સમાં છુટછાટ પાંચ લાખ છે. આનો મતલબ એછે કે આટલી વાર્ષિક આવક હોવાની સ્થિતીમાં કોઈ ટેક્સ લાગુ પડશે નહી.

### રાહુલ ગાંધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગેવાનોથી માંડી પાયાના કાર્યકરોની પણ રાહુલ ગાંધી પ્રશંસા કરે તેવી પૂરી શકયતા છે. તો, આ ચૂંટણીમાં કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યોને શુભેચ્છા અભિનંદન પણ પાઠવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સવારે ૧૧-૩૦થી ૨ વાગ્યા દરમ્યાન ઉત્તર ગુજરતા અને મધ્ય ગુજરાતના કોંગ્રેસના આગેવાનોને મળશે, એ પછી બપોરે ૨ વાગ્યે કચ્છ-સૌરાષ્ટ્રના કોંગ્રેસના નેતાઓને મળશે, બપોરે ૩ વાગ્યે દક્ષિણ ગુજરાતના નેતાઓની સાથે મુલાકાત કરીને સાંજે ૪ વાગ્યે કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓની સાથે ખાસ બેઠક યોજશે અને તેમને સંબોધન કરશે.

**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૭-૧૮**

માર્ગ અને મકાન વિભાગ તેમજ સિંચાઈ વિભાગ હસ્તક યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો / ઠેકેદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ - મોડાસા, ટેલીફોન નં. (૦૨૭૭૪) ૨૪૬૨૪૫ની કચેરી દ્વારા નાના કામોના ભાવો માગવામાં આવે છે. માન્ય ઈજારદારશ્રીઓને આ કામના કોરા ટેન્ડરો તા. ૬-૧-૨૦૧૮ના રોજ મા. અને મ. પેટા વિભાગ, મોડાસાની કચેરીએથી કચેરી સમય દરમિયાન ૧૬.૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા ભરેલા ટેન્ડરો રજી. પો. એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને પહોંચાડવાની છેલ્લી તારીખ ૧૫-૧-૨૦૧૮ છે. ભાવો મંજુર કરવા કે રદ કરવાના હક્કો અબાધિત રાખવામાં આવે છે.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગે વધુન માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજાના દિવસ સિવાયના દિવસોમાં સંપર્ક સાધવા વિનંતી છે.

**ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૧૨/૨૦૧૭-૧૮**